# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 17-04-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day: THURSDAY** **National News**

**આકાશવાણી સમાચાર યશ્વી મહેતા વાંચે છે.**

*****************************************************

1) પાંચમી મે સુધી વક્ફ સંશોધન અધિનિયમ, 2025 હેઠળ વક્ફ બોર્ડ અથવા પરિષદમાં નવી નિયુક્તિ નહીં કરાય.
2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યમુના નદીની સ્થિતિનું મૂલ્યાંકન કરવા અને ભાવિ યોજનાઓ પર ચર્ચા કરવા સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી
3) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે સશસ્ત્ર દળોના બલિદાન અને સમર્પણને કારણે દેશ સુરક્ષિત છે
4) ભારતીય શેરબજારોનાં સૂચકાંકો આજે સતત ચોથા દિવસે તેજી સાથે બંધ રહ્યા હતા
5) IPL ક્રિકેટમાં સનરાઇઝર્સ હૈદરાબાદ સામે મુંબઇ ઇન્ડિયન્સે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી

.................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.

# SC-WAQF

સર્વોચ્ચ અદાલતે આજે કેન્દ્ર સરકારની એ ખાતરીની નોંધ લીધી છે કે  આગામી સુનાવણી સુધી વક્ફ (સુધારા) અધિનિયમ, 2025 હેઠળ વક્ફ બોર્ડ અથવા સેન્ટ્રલ વક્ફ કાઉન્સિલમાં કોઈ નવી નિમણૂકો કરવામાં આવશે નહીં.

મુખ્ય ન્યાયમૂર્તિ સંજીવ ખન્ના, ન્યાયમૂર્તિ સંજય કુમાર અને કે. વી. વિશ્વનાથનની અધ્યક્ષતાવાળી ખંડપીઠે સોલિસિટર જનરલ તુષાર મહેતાની ખાતરીની પણ નોંધ લીધી હતી કે "વપરાશકર્તા દ્વારા વક્ફ" તરીકે વર્ગીકૃત કરાયેલી મિલકત સહિત હાલની વક્ફ મિલકતોની સ્થિતિ હાલ પૂરતી યથાવત રહેશે.

અદાલતે કેન્દ્ર સરકારને વક્ફ અધિનિયમ, 1995માં તાજેતરમાં કરવામાં આવેલા સુધારાઓની બંધારણીય માન્યતાને પડકારતી અરજીઓ પર સાત દિવસની અંદર પોતાનો જવાબ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

મોટી સંખ્યામાં અરજીઓને કારણે, ખંડપીઠે અરજદારોને સુનાવણી માટે પાંચ મુખ્ય કેસો ઓળખવા કહ્યું, જ્યારે બાકીનાં કેસને  અરજીઓ તરીકે ગણી શકાય અથવા નિકાલ થયાનું માની લેવામં આવે.

આ કેસમાં વધુ સુનાવણી  5 મેના રોજ થશે. અદાલતે દલીલો અને લેખિત રજૂઆતોને સુવ્યવસ્થિત કરવા માટે નોડલ વકીલની નિમણૂક કરવાનો પણ આદેશ આપ્યો હતો.

. . . . . . . . . . . . . .

# PM YAMUNA RIVER MEETING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં યમુના નદીની હાલની સ્થિતિનું મૂલ્યાંકન કરવા અને તેની સફાઈ અને કાયાકલ્પ માટેની વર્તમાન અને ભાવિ યોજનાઓ પર ચર્ચા કરવા માટે એક વ્યાપક સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી.

આ બેઠકમાં નદીની સફાઈ માટે એજન્સીવાર કાર્ય યોજનાની સમીક્ષા કરવામાં આવી હતી. પ્રસ્તુત છે અમારા સંવાદદાતાનો અહેવાલ...

(વોઇસકાસ્ટ- અક્ષિત, દિલ્હી)

. . . . . . . . . . . . . .

# C R PATIL DIGITAL PLATFORM

કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી આર પાટિલે આજે નવી દિલ્હીમાં તાજા પાણીની જૈવ વિવિધતા સંરક્ષણને પ્રોત્સાહન આપવા માટે ડિજિટલ પ્લેટફોર્મનો શુભારંભ કર્યો. તેઓ રાષ્ટ્રીય સ્વચ્છ ગંગા મિશનના ઉપક્રમે ભારતીય વન્યજીવ સંસ્થાની વિવિધ પરિયોજનાઓની સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી રહ્યા હતા.

આ પ્લેટફોર્મ ગંગા, કાવેરી, ગોદાવરી જેવી મુખ્ય ભારતીય નદીઓની ભૌગોલિક સંરચના, જૈવ વૈવિધ્ય અને સામુદાયિક જોડાણની પ્રવૃત્તિઓ વિશેની માહિતી પણ આપશે.

. . . . . . . . . . . . . .

## AMIT SHAH-BRAHMA KUMARI'S

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે સશસ્ત્ર દળોના બલિદાન અને સમર્પણને કારણે દેશ સુરક્ષિત છે. શ્રી શાહ આજે સિરોહી જિલ્લાના આબુ રોડ ખાતે બ્રહ્મા કુમારીના મુખ્યાલય ખાતે સુરક્ષા દળો અંગેના એક કાર્યક્રમને સંબોધિત કરી રહ્યા હતા.

ગૃહમંત્રીએ કહ્યું કે સુરક્ષા દળો બર્ફીલી ખીણો અને ગરમ રણમાં દેશની સરહદોની સુરક્ષા માટે પોતાનું જીવન સમર્પિત કરે છે. તેમણે કહ્યું કે સેના અને અર્ધલશ્કરી દળો ઉપરાંત તમામ રાજ્યોની પોલીસ પણ આંતરિક સુરક્ષા જાળવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે.

અગાઉ, આજે મધ્યપ્રદેશના નીમચ ખાતે C.R.P.F.ના 86મા સ્થાપના દિવસ નિમિત્તે યોજાયેલા સમારોહને સંબોધતા શ્રી શાહે જણાવ્યું કે, માર્ચ 2026 સુધી દેશમાંથી નક્સલવાદ સંપૂર્ણ રીતે સમાપ્ત થઈ જશે અને તેમાં C.R.P.F.ના જવાનો સૌથી મહત્વની ભૂમિકા ભજવશે.

. . . . . . . . . . . . . . .

## EVE RAJNATH – DEFENCE

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું છે કે સરકારે સંરક્ષણ બજેટનો 75 ટકા હિસ્સો સ્થાનિક કંપનીઓ પાસેથી ખરીદી માટે અનામત રાખ્યો છે. આજે નવી દિલ્હીમાં ડિફેન્સ કોન્ક્લેવમાં બોલતા શ્રી સિંહે કહ્યું 2014માં દેશમાં સંરક્ષણ ઉત્પાદન 40 હજાર કરોડ રૂપિયા હતું, જે હવે વધીને એક લાખ 27 હજાર કરોડ રૂપિયાથી વધુ થઈ ગયું છે. તેમણે ઉમેર્યું કે,

સરકારે 2029 સુધીમાં ત્રણ લાખ કરોડ રૂપિયાના સંરક્ષણ ઉપકરણોના ઉત્પાદનનું લક્ષ્ય રાખ્યું છે.

(BYTE- RAJNATHSINH)

શ્રી સિંહે ભારપૂર્વક જણાવ્યું કે ભારત આયાત પરની તેની નિર્ભરતામાં ઘટાડો કરશે અને એક સંરક્ષણ ઔદ્યોગિક સંકુલનું નિર્માણ કરશે જે માત્ર ભારતની જરૂરિયાતોને જ પૂરી નહીં કરે, પરંતુ સંરક્ષણ નિકાસની ક્ષમતાને પણ મજબૂત કરશે.

. . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## VP- SUPREME COURT

રાષ્ટ્રપતિને બિલ પર નિર્ણય લેવા માટે સમયમર્યાદા નક્કી કરતા સર્વોચ્ચ અદાલતનાં તાજેતરના ચુકાદા પર ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે ચિંતા વ્યક્ત કરી છે.

તેમણે જણાવ્યું કે, ભારતે લોકશાહી માટે સોદો નથી કર્યો, જ્યાં ન્યાયાધીશો કાયદો બનાવશે, કારોબારી કાર્યો કરશે અને 'સુપર પાર્લામેન્ટ' તરીકે કામ કરશે.

આજે નવી દિલ્હીમાં ઉપરાષ્ટ્રપતિના એન્ક્લેવમાં રાજ્યસભાના તાલીમાર્થીઓની છઠ્ઠી બેચને સંબોધતા શ્રી ધનખડે ભારપૂર્વક જણાવ્યું હતું કે સત્તાનો ઉપયોગ કરતી વખતે વ્યક્તિએ અત્યંત સંવેદનશીલ બનવું જોઇએ.

ઉપરાષ્ટ્રપતિએ આ ટિપ્પણી સર્વોચ્ચ અદાલતના એ ચુકાદાના થોડા દિવસો બાદ કરી છે જેમાં રાષ્ટ્રપતિ અને રાજ્યપાલોને કાયદાઓને મંજૂરી આપવા માટે સમયમર્યાદા નક્કી કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . . .

## KAILASH MANSAROVAR

વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે ભારત અને ચીન કૈલાશ માનસરોવર યાત્રા ફરી શરૂ કરવા માટેની પદ્ધતિઓને અંતિમ સ્વરૂપ આપવા માટે પ્રગતિ કરી રહ્યા છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું, અમે ટૂંક સમયમાં કૈલાશ માનસરોવર યાત્રા અંગે લોકો માટે સૂચના જાહેર કરીશું. ટૂંક સમયમાં યાત્રા ફરી શરૂ થવાની સંભાવના છે.

ઉલ્લેખનીય છે કે કોરોના મહામારીના કારણે વર્ષ 2020 થી કૈલાશ માનસરોવર યાત્રા યોજાઈ નથી. ભારત સરકાર ઉત્તરાખંડમાં લિપુલેખ ઘાટ અને સિક્કિમમાં નાથુ લા ઘાટના બે સત્તાવાર માર્ગો દ્વારા જૂન અને સપ્ટેમ્બરની વચ્ચે યાત્રાનું આયોજન કરે છે.

. . . . . . . . . . . . . .

## MUMBAI-SITHARAMAN

કેન્દ્રીય નાણાં મંત્રી સીતારમણે આજે બોમ્બે સ્ટોક એક્સચેન્જ-BSE ની ટેક્નોલોજીકલ પ્રગતિની અને ભારતના આર્થિક વિકાસમાં તેની મહત્વપૂર્ણ ભૂમિકાની પ્રશંસા કરી હતી. એશિયાના સૌથી જૂના શેરબજાર- બોમ્બે સ્ટોક એક્સચેન્જની 150મી વર્ષગાંઠની ઉજવણીના સમારોહમાં નાણાપ્રધાન નિર્મલા સીતારમણ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સુશ્રી સીતારમણે જણાવ્યું કે, બીએસઇ દરરોજ 1,500 કરોડ રૂપિયાના સોદાની પ્રક્રિયા કરે છે, જે ભારતીય અર્થતંત્ર ક્યાં જઈ રહ્યું છે તેનું માપદંડ છે.

આ પ્રસંગે, સુશ્રી સીતારમણે બજાર મૂડીકરણ અને પ્રવાહિતાના આધારે ટોચની 150 લિસ્ટેડ કંપનીઓની કામગીરી પર નજર રાખવા માટે રચાયેલ નવો બેન્ચમાર્ક સૂચકાંક, બીએસઈ 150 ઈન્ડેક્સ લોન્ચ કર્યો હતો.

. . . . . . . . . . . . . .

## SENSEX

ભારતીય શેરબજારોના સૂચકાંકો આજે સતત ચોથા દિવસે તેજી સાથે બંધ રહ્યા હતા. સેન્સેક્સ 1509 પોઇન્ટ વધીને 78 હજાર 553 પર અને નિફ્ટી-50 414 પોઇન્ટ વધીને 23 હજાર 852 પર બંધ રહ્યો હતો.

બીએસઇ મિડ કેપ અને સ્મોલ કેપ સૂચકાંકોમાં પણ અડધા ટકાનો વધારો નોંધાયો હતો. ડોલર સામે રૂપિયો 31 પૈસા વધીને 85.37 પર બંધ રહ્યો હતો.

. . . . . . . . . . . . . . .

## IPL

ઇંડિયન પ્રીમિયર લીગ IPL-ક્રિકેટમાં આજે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં મુંબઈ ઈંડિયંસ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચે મેચ રમાઈ રહી છે. મુંબઈ ઇન્ડિયન્સે ટોસ જીતી પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. છેલ્લા મળતા અહેવાલ અનુસાર, સનરાઇઝર્સ હૈદરાબાદે 5 ઓવરમાં વિના વિકેટે 43 રન બનાવ્યા છે.

ઉલ્લેખનીય છે કે, બંને ટીમ બે – બે મેચ જીતીને ચાર અંકની બરાબરી પર છે.

. . . . . . . . . . . . . . .

## HERITAGE DAY-ASI

ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) એ આવતીકાલે વિશ્વ વારસા દિવસ નિમિતે દેશભરના તમામ ASI સંરક્ષિત સ્મારકોમાં નિઃશુલ્ક પ્રવેશની જાહેરાત કરી છે.

સંસ્કૃતિ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે ASIની આ પહેલનો હેતુ મુલાકાતીઓને દેશના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાની ઓળખ કરવવા માટે પ્રોત્સાહિત કરવાનો છે.

ઉલ્લેખનીય છે કે, ત્રણ હજારથી વધુ સ્મારકો ASI હેઠળ સંરક્ષિત હોવાથી તે નાગરિકોને દેશના ઐતિહાસિક વારસા અને સ્થાપત્ય અજાયબીઓ સાથે ફરીથી જોડાવાની તક આપી રહ્યું છે.

. . . . . . . . . . . . . .

## COAL-CIMS PORTAL

કોલસા મંત્રાલયે વેપાર કરવાની સરળતાને પ્રોત્સાહન આપવા અને આયાત પર દેખરેખ રાખતા પ્લેટફોર્મમાં સમાનતા સુનિશ્ચિત કરવા માટે કોલસા આયાત દેખરેખ પ્રણાલી-CIMS પોર્ટલની નોંધણી ફીને તર્કસંગત બનાવી છે. નોંધણી ફી સુધારીને પાંચસો રૂપિયા પ્રતિ કન્સાઇનમેન્ટ નિશ્ચિત કરવામાં આવી  છે. નવી ફી આ મહિનાની 15મી તારીખથી લાગુ થઈ છે.

. . . . . . . . . . . . . .